કેસ રજુ તારીખ : ૧૫/૦૩ /૨૦૧૭
કેસ દાખલ તારીખ :૧૫/૦૩ /૨૦૧૭
કેસ ફેસલ તારીખ : ૦૩/૧૦/૨૦૨૩

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૬ | ૦૬ | ૧૮ |

---

**મે.એડીશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૫, મુ. અમદાવાદ.**

---

**ક્રિ. કેસ નં. ૪૫૫૫૫/૨૦૧૭**

**આંક–**

**ફરિયાદી:** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:** **(૧) મુકેશ અરવિંદભાઈ રાવલ**

**(૨) હિતેશ અરવિંદભાઈ રાવલ**

**(૩) જીગર અરવિંદભાઈ રાવલ**

ત્રણેય રહે. એક્ષ/૪૦૩, મધુવન ગ્લોરી ફ્લેટ,
ધરણીધર એવન્યુની બાજુમાં, શ્રીરામ ચોકની પાછળ,
નવા નરોડા અમદાવાદ.

**ગુનો:** **ધી ઈ.પી.કો.કલમ ૩૨૩,૨૯૪(ખ),૪૨૭, ૧૧૪ તથા ધી જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ...**

---

**ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી પી.આર.જોષી**
**આરોપી તરફે વિ.વ.શ્રી જી.આર.યાદવ**

---

**ઠ રા વ**

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૭/૦૪/૨૦૧૭ ના કલાક ૦૦/૪૫ વાગે ફરીયાદી તેમજ સાહેદ નં.૮,૯ નાઓ સુવા માટે તેમના ફલેટમાં બીજા મકાને સુવા માટે જતા હતા તે વખતે ફલેટની નીચેની લાઈટો બંધ હોય તે સાહેદ નં.૮ નાઓએ લાઈટો ચાલુ કરતા આરોપી નં.૧ નાએ સાહેદ નં.૮ ને કેમ લાઈટ ચાલુ કરેલ છે તેમ કહી ગંદી બિભત્સ ગાળો બોલવા લાગતા આ વખતે ફરીયાદીએ ગાળો નહીં બોલવાનું કહેતા આરોપી નં.૧ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગડદાપાટુનો માર મારવા લાગેલ આ વખતે સાહેદ નં.૯ નાઓ વચ્ચે પડતા તેમને પણ આરોપી નં.૧ નાએ લાકડાનું પાટીયુ કમરના ડાબી સાઈડે મારી દીધેલ આ વખતે બીજા આરોપી નં.૨,૩ નાઓ આવી સાહેદ નં.૮ ને ધકકો મારી નીચે પાડી દઈ આ વખતે સાહેદ નં.૧૦ ફરીયાદીને છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ નાએ તેના હાથ રહેલ લાકડાના પાટીયાથી બંને હાથના કોણીના ભાગે મારી ઈજા કરેલ આ વખતે સાહેદ નં. ૭ નાઓ આવી જતા તેઓને પણ આ ત્રણેય આરોપીએ ગડદા ફેંટોનો માર મારતા ડાબા કાન ઉપર ઈજા કરેલ તેમજ તેઓની સોનાની ચેન સવા તોલા વજનની કિં.રૂા.૨૦૦૦૦/– ની કયાંક પડી ગયેલ તેમજ સાહેદ નં.૬ નાઓ આવતા તેમને પણ આ ત્રણેય આરોપીઓએ ફલેટ નીચે ઘસડી બંને પગના ઢીંચણે ઈજા કરેલ તેમજ સાહેદ નં.૮ પાસે રહેલ લીનોવા કંપનીનો ફોન આરોપી નં.૧ નાએ પછાડી તોડી નુકસાન કરી નાસી જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે સે.ગુ.ર.નં.૩૦૪૫/૨૦૧૭ થી ફરીયાદ નોંધી તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ઘ પુરતો પુરાવો જણાઈ આવતાં, ઘી.ઈ.પી.કો.કલમ ૩૨૩,૨૯૪(ખ),૪૨૭, ૧૧૪ તથા ઘી જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપીઓ વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓને સમન્સ બજતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આરોપી વિરુધ્ધ આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી, આંક– ૦૩ આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી કેતનભાઈ રાજેન્દ્રભાઈ ચાવડાનાઓની જુબાની | ૫ |
| ૨ | સાહેદ તુષાર રાજેન્દ્રભાઈ ચાવડાનાઓની જુબાની | ૭ |
| ૩ | સાહેદ અમિતભાઈ રાજેન્દ્રભાઈ ચાવડાનાઓની જુબાની | ૮ |
| ૪ | સાહેદ રંજનબેન રાજેન્દ્રભાઈ ચાવડાનાઓની જુબાની | ૯ |
| ૫ | સાહેદ રાજેન્દ્રભાઈ મોહનભાઈ ચાવડાનાઓની જુબાની | ૧૦ |
| ૬ | સાહેદ નિલેશભાઈ રાજેન્દ્રભાઈ ચાવડાનાઓની જુબાની | ૧૧ |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૬ |
| ૨ | પંચનામું | ૧૨ |
| ૩ | ઈન્જરી સર્ટી. | ૧૩ થી ૧૫ |
| ૪ | કલોઝીંગ પુરસીસ | ૧૬ |

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના ધ્યાને લેતાં, આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ કલમ– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામે આરોપીઓ સામેનો કેસ ફરિયાદપક્ષે રજુ પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીઓને કાયદામાં ઠરાવેલ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપીઓ તરફેના વિ.વ.શ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીઓને તેનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>–:મુદ્દા:–</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૦૪/૨૦૧૭ ના કલાક ૦૦/૪૫ વાગે ફરીયાદી તેમજ સાહેદ નં.૮,૯ નાઓ સુવા માટે તેમના ફલેટમાં બીજા મકાને સુવા માટે જતા હતા તે વખતે ફલેટની નીચેની લાઈટો બંધ હોય તે સાહેદ નં.૮ નાઓએ લાઈટો ચાલુ કરતા આરોપી નં.૧ નાએ સાહેદ નં.૮ ને કેમ લાઈટ ચાલુ કરેલ છે તેમ કહી ગંદી બિભત્સ ગાળો બોલવા લાગતા આ વખતે ફરીયાદીએ ગાળો નહીં બોલવાનું કહેતા આરોપી નં.૧ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગડદાપાટુનો માર મારવા લાગેલ આ વખતે સાહેદ નં.૯ નાઓ વચ્ચે પડતા તેમને પણ આરોપી નં.૧ નાએ

લાકડાનું પાટીયુ કમરના ડાબી સાઈડે મારી દીધેલ આ વખતે બીજા આરોપી નં.૨,૩ નાઓ આવી સાહેદ નં.૮ ને ધકકો મારી નીચે પાડી દઈ આ વખતે સાહેદ નં.૧૦ ફરીયાદીને છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ નાએ તેના હાથ રહેલ લાકડાના પાટીયાથી બંને હાથના કોણીના ભાગે મારી ઈજા કરેલ આ વખતે સાહેદ નં. ૭ નાઓ આવી જતા તેઓને પણ આ ત્રણેય આરોપીએ ગડદા ફેંટોનો માર મારતા ડાબા કાન ઉપર ઈજા કરેલ તેમજ તેઓની સોનાની ચેન સવા તોલા વજનની કિં.રૂા.૨૦૦૦૦/– ની કયાંક પડી ગયેલ તેમજ સાહેદ નં.૬ નાઓ આવતા તેમને પણ આ ત્રણેય આરોપીઓએ ફલેટ નીચે ઘસડી બંને પગના ઢીંચણે ઈજા કરેલ તેમજ સાહેદ નં.૮ પાસે રહેલ લીનોવા કંપનીનો ફોન આરોપી નં.૧ નાએ પછાડી તોડી નુકસાન કરી નાસી જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ, ધી.ઈ.પી.કો.કલમ ૩૨૩,૨૯૪(ખ),૪૨૭, ૧૧૪ તથા ધી જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં.૧:–**

(૮) આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂં ફરિયાદ પક્ષે

**આંક–૫ થી ફરિયાદી કેતનભાઈ રાજેન્દ્રભાઈ ચાવડા, આંક–૭ થી સાહેદ તુષાર રાજેન્દ્રભાઈ ચાવડા, આંક–૮ થી સાહેદ અમિતભાઈ રાજેન્દ્રભાઈ ચાવડા, આંક–૯ થી સાહેદ રંજનબેન રાજેન્દ્રભાઈ ચાવડા, આંક–૧૦ થી રાજેન્દ્રભાઈ મોહનભાઈ ચાવડા, આંક–૧૧ થી નિલેશભાઈ રાજેન્દ્રભાઈ ચાવડા**નાઓને તપાસેલ છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ આશરે છ વર્ષ પહેલા બનેલો. તા.૨૭/૪/૨૦૧૭ ના રોજ રાત્રીના પોણા એક વાગ્યાના સમયે ફરીયાદી તેમના માતા, પિતા, ભાઈઓ સાથે એક ફલેટમાંથી બાજુમાં આવેલા બીજા ફલેટમાં સુવા જતા તે દરમ્યાન ફલેટની નીચેની લાઈટો બંધ હોય તેમની માતાએ લાઈટો ચાલુ કરેલી આ સમયે મુકેશ અરવિંદભાઈ રાવલનાઓએ તેમની માતાને કહેલ લાઈટો કેમ ચાલુ કરી તે બાબતે આ કામના આરોપી મુકેશ સાથે બોલાચાલી થયેલી . બીજા મિત્ર ત્યાં આવી જતા તકરાર થતા ફરીયાદી તથા સાહેદોને ઈજાઓ થયેલી, આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. બનાવ અંગેની ફરીયાદીએ આરોપીઓ ફરિયાદ આપેલી. ફરીયાદમાં ફરીયાદી પોતાની સહી ઓળખી બતાવે છે જે આંક–૬ થી ફરિયાદ રજુ છે. તે સિવાય કાંઈ બનેલ નહીં. તેમજ બનાવ સમયે પોલીસે સદર સાહેદોના નિવેદન લીધેલ છે. સદરહુ ફરિયાદી તથા સાહેદો ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોઈ, ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેઓની સુચકપ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

સદરહુ ફરિયાદી તથા સાહેદોની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં મુખ્યત્વે એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદી તથા સાહેદોને ઝપાઝપીમાં પડી જતા તેઓને ઈજાઓ થયેલી આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે અને કોઈ તકરાર રહેતી નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન અને નિષ્કર્ષ</u> :–**

(૦૯) પુરાવાનું મૂલ્યાંકન શબ્દ ભારતીય પુરાવા ધારામાં કોઈપણ

જગ્યાએ વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. પુરાવાનું મૂલ્યાંકન ફકત અને ફકત ભારતીય પુરાવા ધારા કલમ–૩ માં દર્શાવેલ "PROVED" અને "NOT PROVED" શબ્દો ઉપર અવલંબે છે. એ માટે કોઈપણ ચોકકસ નિયમ નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન ભાવાત્મક પ્રક્રિયા છે અને એ રીતે પુરાવાનું મૂલ્યાંકન વૈવાહરિક રીતે પ્રચલિત છે. કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વ ભૂમિકા સંબંધે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન રજૂ કરી પ્રયાપ્ત પક્ષે આરોપી સામેની તહોમત નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૧૦) આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આ કામે આંક–૦૫ થી તપાસેલ ફરિયાદીશ્રી તથા આંક–૭,૮,૯,૧૦,૧૧ થી તપાસેલ સાહેદનાઓ ફરી ગયેલા જાહેર થયેલા છે અને તેઓની સુચકપ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી. આમ, આંક–૦૬ ની ફરિયાદ હકીકતને ખુદ ફરિયાદીની જુબાની થકી સમર્થન મળતું નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૨ થી પંચનામું રજુ કરેલ છે . પરંતુ સદર પંચનામાને પુરવાર કરવા સારૂ કોઈ પંચ સાહેદ તપાસવામાં આવેલા નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૩ થી ૧૫ ઈજા સર્ટી. રજુ કરેલ છે. જે જોતાં ઈજા સર્ટી.માં જણાવ્યા મુજબની ઈજા ફરીયાદી તથા સાહેદોને થયેલાનુ માની શકાય પરંતુ, સદર ઈજા ફરીયાદી તથા સાહેદોને હાલના આરોપીઓના કૃત્યથી એટલે કે, આરોપીઓ દ્વારા માર મારવાથી થયેલ હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ રજુ કરતા નથી. ફરિયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી અને કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. આ કામે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજુ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એકબીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. **ઓથોરીટી ૨૦૦૭ (૨) જી.એલ.એચ. ૨૧૬ના પ્રસ્થાપિત**

**સિધ્ધાંત** મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આમ, ફરિયાદ પક્ષના રજુ પુરાવાથી આ કામના આરોપીઓ વિરૂધ્ધ ધી.ઈ.પી.કો. કલમ **ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૪૨૭, ૧૧૪ તથા ધી જી.પી.એકટ કલમ ૧૩૫(૧)** મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:આખરી હુકમ :-**

આ કામના **(૧) મુકેશ અરવિંદભાઈ રાવલ (૨) હિતેશ અરવિંદભાઈ રાવલ (૩) જીગર અરવિંદભાઈ રાવલ** ત્રણેય રહે. એક્ષ/૪૦૩, મધુવન ગ્લોરી ફ્લેટ, ધરણીધર એવન્યુની બાજુમાં, શ્રીરામ ચોકની પાછળ,નવા નરોડા અમદાવાદનાઓને ક્રિ. પ્રો. કોડ ની કલમ- ૨૪૮ (૧) અન્વયે **ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૪૨૭, ૧૧૪ તથા ધી જી.પી.એકટ કલમ ૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું .

આરોપીઓના ટ્રાયલ સમયના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/- ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજુ કરેલ છે, જે આ હુકમ તારીખથી છ માસ સુધી અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

નોન વેલ્યુબલ મુદ્દામાલ હોય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૧૦/૨૦૨૩<br>
મુ.અમદાવાદ.

(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)<br>
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,<br>
કોર્ટ નં.૧૫,અમદાવાદ.<br>
**GJ00885**